## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી તમારુ ઓનલાઈન કામ ન થાય... પ્રસાદી અને ચ્હા પાણી હોય તો તમને કોઈ સાંભળવા આવે...

# કલોલના ધારાસભ્યના ઘરમાં ચોરી કરનાર ૭ ઝડપાયા

### ત્રણ એલઈડી, કપડા, મોબાઈલ ફોન અને સીએનજી રીક્ષા સહિત કુલ રૂ.૨,૮૭,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો, તમામ આરોપીઓ એક જ ગામના, એલસીબી-૨ પોલીસે ગણતરીના દિવસોમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

ગાંધીનગર જિલ્લાના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના ઘરમાં તસ્કરોએ ત્રાટકીને રૂ.૮.૫૧ લાખની મત્તાની ચોરી કરી હતી. આ ચોરીની તપાસ એલસીબી-૨ ને સોંપાતા ગણતરીના દિવસોમાં જ કડીના સરસાવ ગામના ૭ શખ્સોને પોલીસે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાંખી પોલીસે પ્રશંસનીય કામગીરી કરી છે. આ ચોરી પ્રકરણમાં એલીસીબી-૨ દ્વારા ટેકનીકલ સર્વેલન્સ તેમજ વિવિધ વિસ્તારના સીસીટીવી ફુટેજની કલાકો સુધી ઝીણવટપૂર્વક તપાસ કરી હતી.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના કલોલ સ્થિત નિવાસ સ્થાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ ઘરમાં પ્રવેશી સામાન વેર-વિખેર કરીને સોના-ચાંદીના દાગીના, ત્રણ એલઈડી ટીવી, મોંઘીદાટ ઘડીયાળ, સહિત રૂ.૨ લાખ રોકડા મળી કુલ રૂ.૮.૫૧ લાખની મત્તાની ચોરી થવા પામી હતી. ધારાસભ્યના નિવાસ સ્થાનને બીજીવાર તસ્કરોએ નિશાન બનાવતા જિલ્લા પોલીસ તંત્ર દોડતુ પણ કલોલ ખાતે દોડી જઈને બંગ્લામાં નિરીક્ષણ કર્યુ હતું. ત્યારબાદ ગુનાની ગંભીરતાને પગલે તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં



થઈ ગયુ હતું. બનાવની ગંભીરતાને પગલે ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા આવી હતી કોઈપણ સંજોગામાં ગુનાનો ભેદ ઉકેલી દેવા સુચના આપી હતી. ત્યારબાદ એલસીબી પીઆઈ એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ત્રણ પીએસઆઈ સહિત સ્ટાફના જવાનોની ટીમ બનાવી હતી.જે ટીમો ઘટના સ્થળ થી લઈ અનેક સીસીટીવી ફુટેજ ચકાસી હ્યુમન ઈન્ટેલીજન્સ એકટીવ કરવામાં આવ્યા હતા. તે દરમિયાન ખુટતી કડીઓને એક સાથે જોડવામાં આવતા કડી તાલુકાના સરસાવ ગામની ટોળકીએ ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે સરસાવ ગામમાં વોચ ગોઠવી ક્રાઈમ બ્રાંચની પોલીસ ટીમોએ મહેશ ઉર્ફે બોળો ભલાભાઈ વાઘરી, વિષ્ણુજી ઉર્ફે વીશો ઉર્ફે વીકે કાંતીજી ઠાકોર, ભોલાજી ઉર્ફે ભોલો અજમલજી ઠાકોર, રવિ ઉર્ફે ગડો વિષ્ણુભાઈ વાઘરી, સુરેશજી ઉર્ફે સુરો કાંતીજી ઠાકોર, વેલજીસિંહ ચેલો ઉર્ફે વિજય ભીખાજી ઠાકોર, ગીરવિરસિંહ ઉર્ફે ગીરો શતાજી વાઘેલા (તમામ રહે.સરસાવ, તા.કડી,જી.મ હેસાણા) ને પકડી પાડ્યા હતા. જયારે ચોર ટોળકી સીએનજી રીક્ષા લઈને ચોરી કરવા માટે આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ત્રણ એલઈડી ટીવી, મોબાઈલ ફોન, ચોરી કરેલા કપડા તેમજ રીક્ષા મળી કુલ રૂ.૨,૮૭,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી અન્ય મુદ્દામાલ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- પંચાયત પરિષદની મુલ્તવી રહેલ કારોબારી સમિતિની બેઠક હવે ૧૩મીએ મળશે.
- જિલ્લા બાળ સુરક્ષા એજન્સીની આજે મળનારી બેઠક મુલ્તવી રહી હતી અને હવે ૧૩મીએ મળશે.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે ધોળાકુવા ગામની મુલાકાત લીધી હતી. તેમણે ગઈકાલે દૂષિત પાણીથી ઝાડા-ઉલ્ટીના બનાવો બન્યા હતા તે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી.
- પંચાયતોની ચૂંટણીઓ પતી ગયા બાદ એક મહિના પછી પણ ઉમેદવારોના ચૂંટણી ખર્ચ અપલોડ નહિ થતાં રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી અધિકારીઓના કાન પકડ્યા છે.
- સત્યમ હાઉસીંગ સોસાયટી સે. ૨૨ ના ચેરમેન અને રૂદ્રીમંડળ ગાંધીનગરના અગ્રણી પુષ્કરરાય જે. પાઠકનું ગઈકાલે રાત્રે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા પુનઃ શરૂ થતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા જનચેતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે દરેક તાલુકા કોંગ્રેસની કારોબારી બેઠકો પણ મળી ગઈ છે. ૭મી જુલાઈથી ૧૭મી જુલાઈ સુધી વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે તેમ જિલ્લા-કોંગ્રેસના આગેવાનોએ કહ્યુ છે.

## સચિવાલયના ૮ અધિકારીઓને અધિક સચિવ બનાવાયા

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ૮ અધિકારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી છે. ગુજરાતની રૂપાણી સરકાર દ્વારા વાય.બી. પટેલ, વી.ટી. મંડોરા, ડી.આર. પટેલ, ડી.આર. ત્રિવેદી, આઈ.એમ કુરેશી, જે.બી. દ્વીવેદી, એમ.વી. પટેલ અને બી.એન. એરડાની બદલી કરવામાં આવી છે.

વાય. બી. પટેલની આદિજાતી વિકાસ વિભાગમાં બદલી કરવામાં આવી છે. વી ટી મંડોરાની નર્મદા જળ સંપતિ , પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં બદલી કરવામાં આવી છે. જ્યારે ડી આર પટેલ, ડી આર ત્રિવેદી, આઈ એમ કુરેશી, જે બી ત્રિવેદી, એમ વી પટેલ, બી એન એરડાની પણ બઢતી સાથે બદલી કરવામાં આવી છે.



ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી દેસાઈએ આજે લોદરા ખાતેના લીકવીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. તેમણે ગ્રામ પંચાયત કચેરીની પણ મુલાકાત લીધી હતી તેની તસ્વીર.

# પેથાપુરમાંથી જુગાર રમતા ૩ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં શ્રાવણ માસ પહેલા જ શ્રાવણીયો જુગાર પુરજોશમાં ચાલી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી આંતરે દિવસે જુગારીઓ પોલીસના હાથે ઝડપાય છે. ત્યારે પેથાપુર કસ્બા વિસ્તારમાંથી પણ પોલીસે ૩ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૧,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે પેથાપુર કસ્બા વિસ્તારમાં કેટલાક જુગારીઓ જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસની ટીમે તાત્કાલીક રેઈડ પાડતા સ્થળ પરથી જુગારની બાજી માંડીને બેઠેલા મુસ્તુફાખાન ઉર્ફે અહેમદજી બાબુખાન પઠાણ (રહે.પેથાપુર કસ્બા), મોહમદમીયા નઝુમિયા શેખ (બીલમણા ગામ મસ્જીદ સામે દહેગામ) અને બિપિન બેચરભાઈ પટેલ (રહે પુંધરા માણસા)ને પકડી પાડયા હતા. જુગારી પાસેથી રૂ.૧૧,૬૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દહેગામના ફેકટરી માલિકની માથામાં પાઈપ મારી હત્યા

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર દહેગામ જીઆઈડીસી ખાતે સ્થિત શ્રી હરી પાઈપ ફેકટરીના માલિક ગૌતમભાઈ પટેલની પરપ્રાંતિય મજુરે માથાના ભાગે ૩૫ થી વધુ ફટકા મારી મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર દહેગામ પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ફેકટરીના માલિકની હત્યાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. તે દ્રશ્યો જોતા કંપારી છુટી જાય તેવા છે. ફેકટરીમાં મજુરી કામ માટે રાખેલા યુવકે માત્ર ૫ મીનીટમાં ખુની ખેલ ખેલી પરિવાર સાથે પલાયન થઈ ગયો છે. તે ફેકટરીની ઓફીસમાંથી રૂપીયા તેમજ મોબાઈલ લઈ ગયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ત્યારે આ કેસમાં આરોપીને ઝડપી પાડવા માટે પોલીસની ટીમો કામે લાગી ગઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામ જીઆઈડીસી ખાતે શ્રી હરી પાઈપનું સંચાલન અમદાવાદ ખાતે રહેતા ગૌતમભાઈ પટેલ સહિત તેમના પરિવારના સભ્યો કરે છે. ગુરુવારના રોજ રાત્રે ફેકટરી ખાતે કામ શરુ હોવાથી ગૌતમભાઈ રોકાયા હતા. રાત્રે ફરજ પર તાજેતરમાં નોકરી પર રાખેલો અખિલેશ બિહારી નામનો કામદાર હતો.રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ ગૌતમભાઈ ઓફિસ માંથી ચાલી રહેલા મશીન ચેક કરવા માટે ગયા હતા. તે સમયે અખિલેશ નામનો મજુર પાઈપ લઈને તેમના પર તુટી પડ્યો હતો. ગૌતમભાઈ પર માથાના ભાગે એક પછી એક ફટકા મારતા તે ફસડાઈ પડ્યા હતા. તે પછી પણ તેણે ફટકા મારવાનું ચાલુ રાખ્યું હતું. માત્ર ૫ મીનીટમાં તેણે ૩૦ થી વધુ વાર માથાના ભાગે પાઈપ મારી છે.

ત્યારબાદ તે ઓફિસ સહિતની લાઈટો બંધ કરીને પરિવાર સાથે ભાગી ગયો છે. સવારે ફેકટરીના ઓપરેટર પહોંચ્યા ત્યારે બનાવની જાણ થઈ હતી. બનવા અંગે જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પેનલ તબિબ દ્વારા પીએમ કરવામાં આવ્યું હતું. જયારે નરેન્દ્રભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે હત્યા અને ચોરીનો ગુનો નોંધી આરોપીને પકડી પાડવા માટે વિવિધ ટીમો બનાવી કામગીરી હાથ ધરી છે.



શહેરના માર્ગોને પહોળા કરવામાં આવતા ગટર લાઈનો માર્ગોની વચ્ચોવચ આવી ગઈ છે. ભારે વાહનો પસાર થાય એટલે ગટરના ઢાંકણા તુટી જાય છે. ઘ-૩ થી ગ-૩ જવાના માર્ગે આવી જ રીતે ખૂબ જ જોખમી રીતે ગટરનું ઢાંકણું તુટેલી હાલતમાં જોવા મળી રહ્યું છે. વાહનચાલકોને તેના કારણે મુશ્કેલી સર્જાઈ શકે છે.

# રથયાત્રા દરમિયાન સુરક્ષાના તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે : પ્રદિપસિંહ

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે અમદાવાદ ખાતે યોજાનાર ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા દરમ્યાન શાંતિ સલામતી અને સુરક્ષાના તમામ જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. સાથોસાથ રાજ્ય સરકાર શાંતિ સલામતી જાળવવા કટિબધ્ધ છે એટલું જ નહી પરંતુ રાજ્યના નાગરિકો શ્રધ્ધાપુર્ણ રીતે અને શાંત વાતાવરણમાં તહેવાર ઉજવી શકે તે અમારો ધ્યેય છે.

અમદાવાદ ખાતે યોજાનાર ભગવાન જગન્નાથજીની પરંપરાગત ૧૪૪મી ભવ્ય રથયાત્રા માટે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જગન્નાથ મંદિર તેમજ રૂટમાં આવતા સ્થળોની મુલાકાત લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મંત્રીએ જગન્નાથ નિજ મંદિરની મુલાકાત લઈ મંદિરના મહંત દિલિપદાસજી મહારાજ સહિત ટ્રસ્ટીઓ સાથે બેઠક કરી રથયાત્રા સંદર્ભે વ્યવસ્થાની જાણકારી મેળવી હતી.

ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ચોક્કસ માર્ગદર્શિકા મુજબ રથયાત્રા યોજવાનું નક્કી કર્યુ છે. આ રથયાત્રા ગુજરાત જ નહીં દેશ આખા માટે આસ્થાનો વિષય છે ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ રથયાત્રા દરમ્યાન શાંતિ સલામતી અને સુરક્ષાના તમામ જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે.

પરંપરાગત રીતે યોજાતી આ રથયાત્રા આ વર્ષે કોવિડ પ્રોટોકોલ સાથે યોજાવાની છે ત્યારે કોરોના પ્રોટોકોલની ગાઈડ લાઈનને ધ્યાને રાખી શ્રધ્ધાળુઓ લાઈવ દર્શનનો લાભ લે. સમગ્ર રથયાત્રાનું ટેકનોલોજીના ઉપયોગથી જીવંત પ્રસારણ થવાનું છે અને લોકો ઘરે બેઠા ભગવાનના દર્શનનો લ્હાવો મેળવી શકે તેવી વ્યવસ્થા કરવામા આવી છે. ભકતજનોને દર્શન માટે બહાર ન નીકળવા મંત્રી અને મંદિરના મહંત દીલીપદાસજી મહારાજ દ્વાર ખાસ અપીલ કરાઈ છે. જગન્નાથજી, બળદેવજી અને સુભદ્રાજીની મુર્તિ સાથે ત્રણ રથ સાથેની યાત્રા સવાર કલાક ૭ વાગ્યે જગન્નાથજી મંદિરથી પરંપરાગત રૂટ ઉપરથી નિકળી નિયત રૂટ ઉપર મ્યુનિસિપલ કોઠા, રાયપુર ચકલા, ખાડીયા ચાર રસ્તા, કાલુપુર સર્કલ, સરસપુર પહોચશે અને ત્યાં થોડા વિરામ બાદ પરત કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, વિગેરે થઈ નીજ મંદિરમાં લગભગ બપોરે ૧૨ કલાક સુધીમાં નિજ મંદિરે પરત ફરશે.




### નવ નિયુક્ત કુલનાયકના હસ્તે સંકુલ સાદરામાં વૃક્ષારોપણ કરાયું

ગૂજરાત વિદ્યાપીઠના ૧૬મા કુલનાયક તરીકે પ્રખર ગાંધીવાદી, સત્ય-પ્રેમ-કરૂણામય જીવન જીવનાર ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે તેમજ કાર્યકારી કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટના હસ્તે ફળાઉ તેમજ ટકાઉ એવા આંબાના છોડનું રોપાણ કરી વૃક્ષારોપણ કરવાની લીલી ઝંડી આપી હતી. સંકુલ-સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના દીર્ઘ દૃષ્ટિભર્યા આયોજન પ્રમાણે આ વર્ષે સીતાફળ, સેતુર, ફાલસા, આંબળા અને આંબાના ફળાઉ વૃક્ષોના વૃક્ષારોપણનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જેના લીધે વિદ્યાર્થીઓ, સેવક પરિવારો અને જીવ સૃષ્ટિના પક્ષીઓ ફળાહાર કરી સજીવ સૃષ્ટિને જીવંત રાખી શકે અને પક્ષીઓના આશ્રયસ્થાન બને તેમજ સંકુલના પર્યાવરણમાં વધારો કરી હરિયાળું બનાવી વધુમાં વધુ ઓક્સિજન વાતાવરણમાં ઉમેરવો જોઈએ. સંગીત ટૂકડીના ગૂંજનાદથી, ધાર્મિકવિધિ સાથે અનોખી રીતે આ વૃક્ષારોપણ કાર્યક્રમને સંકુલના સૌ અધ્યાપકો, સૌ સલામતી સેવકો, સૌ કાર્યાલયના સેવકોએ સહકારી આપી સફળ બનાવ્યો હતો.

# સાદરા ખાતે વિદ્યાપીઠના નવનિયુક્ત કુલનાયક કુલ સચિવનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સાદરા ખાતેના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરાના



સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ અને ડિન ડૉ. જગદિશચન્દ્ર સાવલિયાના માર્ગદર્શનથી ગૂજરાત વિદ્યાપીઠના નવ નિયુક્ત કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી અને કાર્યકારી કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટનો શુભેચ્છા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ અને વરિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. કાર્યકારી કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટે પોઝીટીવ થીંકીંગ અંગેનો વાર્તાલાપ કર્યો જયારે કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ વિદ્યાપીઠકોની સતત કામ કરે તેની, ખાલી વાતો કરે અને વિદ્યાપીઠને બદનામ કરે તેની નહીં. તે અંગેની શીખ આપતુ ઉદબોધન કર્યુ હતું. આભાર દર્શન ડૉ. જગદીશ ગોઠીએ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યુ હતુ. કાર્યક્રમના સમાપને “એક જ ડાળના પંખી અમે સહુ” સમૂહ ગાન ડૉ. ગેલજી ભાટીયા અને જગદિશ પરીખે કરાવ્યું હતુ.

# રવિવારે ખરક જ્ઞાતિની વાડીમાં મહા રકતદાન યજ્ઞ યોજાશે

આશુતોષ ચેરિટેબલ ટ્રસ્ટ અને તળાજા ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે છેલ્લા બે વર્ષથી વિવિધ સામાજિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આગામી ૧૧ જુલાઈ રવિવારે શ્રી ખરક જ્ઞાતિની વાડીમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક રક્તદાતાને આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે. સર ટી. હોસ્પિટલના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. જેમાં અતિથિવિશેષ તરીકે તળાજા નગરપાલિકાના પ્રમુખ મારડિયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભરતભાઈ ઠંઠ, ધારાસભ્ય કનુભાઈ બારૈયા, શિવ કથાકાર ભારદ્વાજ તથા અન્ય મહાનુભાવ ઉપસ્થિત રહેશે. આ માનવતાના યજ્ઞમાં સહયોગ આપવા ઈચ્છતા હોય એમણે નરસિંહ મહેતા વિદ્યાલયમાં પોતાનું નામ નોંધાવવું અથવા તો ૯૯૭૯૩૪૩૪૩૪ નંબર પર જાણ કરવાની રહેશે તેમ સૂચિત કરવામાં આવ્યું છે.

# કોરોનામાં માતા-પિતા ગુમાવનાર બાળકોને ૨૧ વર્ષ સુધી સહાય આપશે સરકાર

ગાંધીનગર,તા.૯

ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ તેમના નિવાસસ્થાને મોકળા મને કાર્યક્રમ યોજયો હતો. જે દરમ્યાન મુખ્યપ્રધાને કોરોનાકાળમાં અનાથ બનેલા બાળકો સાથે સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે મુખ્યપ્રધાન રૂપાણીએ ચાલુ કાર્યક્રમ દરમ્યાન મુખ્યમંત્રી બાલ સહાય યોજનાની ઉંમરમાં વધારો કરવાની જાહેરાત કરી. મુખ્યપ્રધાને અનાથ બાળકો માટેની વયમર્યાદા ૧૮ વર્ષથી વધારીને ૨૧ વર્ષ કરવાની જાહેરાત કરી છે. અગાઉ આ વયમર્યાદા ૧૮ વર્ષ સુધીની હતી.

પરંતુ હવે અનાથ બાળક ૨૧ વર્ષનો થાય ત્યાં સુધી તેમને સહાય મળી શકશે. અનાથ બાળકો સાથેના સંવાદ દરમ્યાન તેમના પાલક માતા-પિતા પણ ઉપસ્થિત રહ્યા. ગુજરાત સરકાર દ્વારા અનાથ બાળકોને ૪ હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત સરકાર દ્વારા પ્રથમ તબક્કે ૭૭૬ બાળકોને સહાય ચૂકવવામાં આવી છે. કાર્યક્રમ દરમ્યાન મુખ્યપ્રધાને સમાજ સુધારણા અધિકારીઓને દીકરીઓના લગ્ન માટે તેમના ખાતામાં ૧૦ હજાર રૂપિયા જમા કરાવવાનું સૂચન કર્યું.

દીકરી લગ્ન કરવા લાયક થાય ત્યારે તેને ૧ લાખ રૂપિયા મળે તેવું આયોજન કરવા મુખ્યપ્રધાને જણાવ્યું હતું. કે જેથી દીકરીને આગળ અભ્યાસ કરવા માટે પણ તે પૈસા ખર્ચ કરવા હોય તો કરી શકે.

મુખ્યમંત્રી બાળ સેવા યોજના’ હેઠળ હવે બાળકો ને ૨૧ વર્ષની વય સુધી માસિક રૂ. ૪,૦૦૦ની સહાય આપવામાં આવશે .

આ યોજનામાં વય મર્યાદા અગાઉ ૧૮ વર્ષની હતી તે વધારીને હવે ૨૧ વર્ષની કરવામાં આવી છે. એટલે કે કોરોના માં માતા પિતાનું અવસાન થતા નિરાધાર થયેલા બાળક ની વય ૨૧ વર્ષ થતા સુધી રાજ્ય સરકાર દર મહિને ૪૦૦૦ ની સહાય આવા બાળક ને આપશે.

# અમિત શાહ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની લેશે મુલાકાત, ડ્રગ્સ લેબોરેટરીનું ઉદ્‌ઘાટન કરશે

દેશ અને રાજ્યમાં ડ્રગની દાણચોરી અને હેરાફેરીના કિસ્સામાં વધારો થયો છે. જ્યારે ડ્રગ્સમાં અમુક માત્રામાં કોઈ પણ પદાર્થ ભેળવી દેવામાં આવે તો ડ્રગ્સ પોતાનું બાયોલોજીકલ સ્વરૂપ બદલી નાખે છે અને તાપસકર્તા અધિકારીને ડ્રગ્સ છે કે નહીં તે બાબતે ખ્યાલ નથી આવતો, ત્યારે નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટીમાં ખાસ એક લેબોરેટરી બનાવવામાં આવી છે. જેમાં ડ્રગ્સની સંપૂર્ણપણે તપાસ કરવામાં આવશે. આ લેબોરેટરીનું કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા ૧૨ જુલાઈ રથયાત્રાના દિવસે ઉદ્ઘાટન કરવામાં આવશે.

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તરફથી મળતી માહિતી પ્રમાણે ૧૨ જુલાઈ રથયાત્રાના દિવસે ગૃહપ્રધાન અમિત શાહ એક વાગ્યાની આસપાસ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે આવીને ડ્રગ્સ લેબોરેટરીનું ઉદ્ઘાટન કરશે.

**ઈ-ટેન્ડર ટુંકી જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૧-૨૨**
**ઓનલાઈન (બીજી વખત)**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત))**
**ગુજરાત સરકાર**
**વિજળીકરણના કામના ઠેકેદારો માટે**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેકટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર દ્વારા વિજળીકરણના ૨ કામ માટે જેની અંદાજીત કિંમત રૂ. ૯૯,૫૩૪.૪૯ થી રૂ. ૯૯,૯૪૯.૬૦ની વચ્ચે છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૧૪/૭/૨૦૨૧ ને સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી/૬૦૧/૨૧-૨૨